અનાગ્રહી મહાવીરની સત્યસંશોધનની ઉદાર દૃષ્ટિ

લેખક : શ્રી રતિલાલ મફાભાઈ શાહ

ભગવાન મહાવીર અહિંસામૂર્તિ હતા, વીતરાગ હતા; પણ એમનો વિશિષ્ટ ગુણ કહેવો હોય તો એમ કહી શકાય કે એ અનાગ્રહી હતા. એ અનાગ્રહી સ્વભાવને કારણે જ પૂર્વગ્રહોથી મુક્ત બની તેઓ આત્યંતિક સત્યની ખોજ અને પ્રાપ્તિ કરી શકયા હતા. અને એ માટે એમને અહિંસાની ઊંડી સાધના કરવી પડી હતી.

એ સાધનાને અંતે એમને જણાયું કે જો આપણે આંખો મીંચીને ચાલીએ તો ખાડામાં ગબડી પડીએ યા સામે ટેકરો હોય તો પછડાઈને હેઠા પડીએ. બાકી નથી ખાડો આપણને ગબડાવવા સામે આવતો કે નથી ટેકરો પછાડવા માટે આડો પડીને ઊભો રહેતો. મતલબમાં, આપણને જે કંઈ દુઃખ પ્રાપ્ત થયું છે એ આપણી જ ભૂલનું પરિણામ છે; તેમ સુખ પ્રાપ્ત કરવું એ પણ આપણા પોતાના જ હાથની વાત છે. કારણ કે जे जेणं कयं कम्मं ते तेणं वेइअव्वं—જેણે જે જે કર્મ બાંધ્યું હોય છે, તે તેને ભોગવવું જ પડે છે—વિશ્વનો એ નિયમ અચળ છે. આમ कर्मणा प्राप्यते दुःखं कर्मणा प्राप्यते सुखं—દુઃખ કર્મથી જ મળે છે, તેમ સુખ પણ કર્મથી જ મળે છે.

આ રીતે સુખ-દુઃખ પ્રાપ્ત થવું એ આપણા પોતાના જ હાથથી વાત હોઈ ભગવાન કહે છે કે 'पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया मित्तमिच्छसि ?'—હે માનવ ! તું જ તારો મિત્ર છે, તો પછી શા માટે બહાર ભીખ માંગતો ફરે છે? તારો અભ્યુદય, કોઈની—ચાહે એ ઈશ્વર હોય, દેવ હોય કે દેવી હોય એની—પણ કૃપા, યાચના કે ખુશામત પર નથી અવલંબતો: કારણ કે શક્તિનું કેંદ્રસ્થાન તું પોતે જ હોઈ તારા પોતાના પગ પર જ ઊભો રહેતાં શીખ. તું ધારે તો વિશ્વના વહેણને પણ બદલી શકે છે. આમ સુખ-દુઃખના કારણરૂપ કર્મનો મહાસિદ્ધાન્ત ભગવંતે શોધી કાઢયો હતો.

પણ એ માટે એમણે જણાવ્યું કે સારો કે નરસો વિચાર છેવટે આપણા પોતાના જ માનસ પર શુભ-અશુભ અસર નિર્માણ કર્યા વિના નથી રહેતો; કારણ કે સારી કે માઠી પ્રવૃત્તિનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ ઉદ્ભવસ્થાન સારા કે માઠા વિચારો જ છે. તેથી જીવનની પૂર્ણ વિશુદ્ધિ પ્રાપ્ત કરવી એ જ કર્મની અનાદિ જંજાળમાંથી છૂટવાનો અને એ રીતે પરમ સુખ-શાંતિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય છે. પણ એ માટે સાધ્યની જેમ સાધન પણ વિશુદ્ધ હોવું જોઈએ.

આમ જીવનનું ધ્યેય સાધનાકાળમાં જ ભગવાન મહાવીરને સ્પષ્ટ થયું હતું. એથી એ ધ્યેયને પહોંચવા જીવનને કેવી રીતે પૂર્ણ વિશુદ્ધ બનાવવું એ માટે એમણે ચોક્કસ માર્ગ પણ આંકી લીધો હતો. પણ હૃદયની ઉદારતા અને વ્યાપક દૃષ્ટિને કારણે એમણે જોયું કે જેમ મારા પોતાના ખાસ વિચારો છે તેમ બીજાઓને પણ પોતપોતાના ખાસ વિચારો છે. જેમ મારો એક પ્રકારનો પ્રયત્ન છે તેમ બીજાઓનો પણ એ માટેનો જ પ્રયત્ન છે. તો પછી આમ વિચારભેદ કેમ? જેમ મને મારા વિચારો સ્પષ્ટ હોઈ સાચા લાગે છે, તેમ બીજાઓને પણ શું પોતાના વિચારો સાચા લાગતા નહીં હોય? આથી મારે બીજાઓના વિચારો પણ જાણવા જોઈએ. અને એમાં તથ્યાંશ હોય તો મારે એનો પણ આદર કરવો જોઈએ. બાકી બીજાઓને સમજ્યા વિના કેવળ મારા જ વિચારો એમના પર લાદવામાં આવે અને એ રીતે એમની લાગણીઓ–ભાવનાઓને છૂંદી નાખવામાં આવે તો તેઓ પણ એ જ રીતે મારા વિચારોને પણ છૂંદી નાખવાનો આગ્રહ પકડે તો એમને કેવી રીતે રોકી શકાય? પરિણામે જે માર્ગ દ્વારા શાંતિ પ્રાપ્ત કરવી છે એ માર્ગ જ વાદવિવાદ, કલહ અને અશાંતિનું કારણ બની જવાથી સત્યની શોધ અને પ્રાપ્તિમાં જ બાધાકારક નીવડે.

આથી મારે બીજાઓનાં વિચારો, ભાવનાઓ, લાગણીઓને સમજવા તૈયાર રહેવું જોઈએ; અને એમ કરવું એ મારી સાધનાને અનુરૂપ પણ છે. કારણ કે કોઈ પણ જીવનો ઘાત કરવો એમાં જ કેવળ હિંસા છે એવું નથી! પણ બીજાઓના વિચારોને સમજ્યા વિના છૂંદી નાખી એમને આઘાત પહોંચાડવો કે એમનો તિરસ્કાર કરવો એ પણ હિંસા જ છે. વળી, પોતાને સમજાતા માર્ગ દ્વારા પણ કેટલાક જીવો જો પોતાની રુચિ–પ્રકૃતિ અનુસાર ધર્મ પામી શકતા હોય તો એનો ઇન્કાર પણ કેમ થઈ શકે? એથી એ બધા ખોટા છે એમ કહીને એનું ખંડન કરવું એ તો કેવળ સત્યનો દ્રોહ જ ગણાય.

આવા વ્યાપક વિચારમાંથી એમને વૈચારિક અહિંસાની સાધના પ્રાપ્ત થઈ હતી. ને એથી જ એમણે અનાગ્રહી સ્વભાવ કેળવ્યો હતો. એ અનાગ્રહી સ્વભાવને કારણે પૂર્વ-ગ્રહોથી મુક્ત બની હરેકનાં દૃષ્ટિબિંદુઓ તથા એમની વચ્ચેના ભેદોનું કારણ વિચારતાં એમને વિચારની એક નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી, જેને શાસ્ત્રમાં અનેકાંતદૃષ્ટિ કહેવામાં આવી છે. અનેકાંતદૃષ્ટિ એટલે વસ્તુમાત્ર અનંતધર્માત્મક હોઈ એને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જોવાની અને એ રીતે ન્યાયી નિર્ણય પર આવવાની એક વિશિષ્ટ પદ્ધતિ. અનેકાંતવાદ, સ્યાદ્વાદ યા સાપેક્ષવાદ એ જૈનધર્મનું એક વિશિષ્ટ લક્ષણ છે. અને એ કારણે જગતના અન્ય ધર્મોથી એને એક પ્રકારનું વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત થયું છે. કારણ કે અન્ય મત–પંથો પોતપોતાના દષ્ટિબિંદુ પર આગ્રહ રાખી કેવળ પોતાનું જ મંતવ્ય સાચું છે એવો આગ્રહ ધરાવે છે; જ્યારે જૈનધર્મ જ એક એવો ધર્મ છે કે જે પોતાનાં દષ્ટિબિંદુઓ સાથે અન્યનાં દષ્ટિબિંદુઓનો પણ આદર કરે છે ને એમાંથી પણ સત્યને તારવી લઈ પોતાનામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એને પચાવી લેવાની બુદ્ધિ અને શક્તિ રાખે છે. આ કારણે વિરોધી મંતવ્યો વચ્ચે પણ શકય સમન્વય કરવાનું વિશિષ્ટ વલણ એણે કેળવ્યું છે.

જોકે જૈનધર્મના આવા ઉદાત્ત દૃષ્ટિબિંદુને ન સમજવાથી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય વગેરેથી માંડી આધુનિક યુગના સ્વામી દયાનંદ સરસ્વતી સુધીના ધર્માચાર્યોએ એને ઘણો અન્યાય કર્યો છે. આમ છતાં સ્વતંત્ર વિચારકો–સંશોધકો એની ઉદાર અને ઉદાત્ત ન્યાયબુદ્ધિથી પ્રભાવિત પણ થયા છે. એવાઓમાં મધ્વાચાર્ય મુખ્ય છે.

જૈનધર્મ કોઈ પણ મત–સંપ્રદાયને ખોટો કે પાખંડી ન કહેતાં એટલું જ કહે છે કે અન્યનું દૃષ્ટિબિંદુ સાચું હોવા છતાં એકાંગી છે ને એ કારણે જ એમાં વિચારની અપૂર્ણતા રહી ગઈ છે.

આ વિચારને સમજાવવા નદી અને સાગરનું ખાસ ઉદાહરણ આપવામાં આવે છે. કોઈ સાગર-નદીના સંગમને સેવક-સેવ્યના અર્થાત્ જીવ-ઈશ્વરના મિલન-સંબંધ રૂપે જુએ છે; કોઈ એને જળના બિંદુઓની જેમ આ વિશ્વને આત્માઓનો સમૂહ માને છે. કોઈ એને કેવળ જલતત્ત્વરૂપે જુએ તેમ વિશ્વને કેવળ બ્રહ્મરૂપે જ જુએ છે; તો કોઈ વળી એને H_2O હાઈડ્રોજન–ઓક્ષીજનના સંયોગના પરિણામરૂપે એને આલયવિજ્ઞાનની કરામત જ માને છે. મહાવીર કહે છે કે હરેકનું દૃષ્ટિબિંદુ છે તો સાચું, પણ એ એકાંગી દર્શન હોઈ અપૂર્ણ દર્શન છે. પણ જ્યારે એને જોવા–સમજવાનાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓને અપનાવવામાં આવે છે ત્યારે જ એ દર્શન પૂર્ણ બને છે.

મહાવીરની આ દૃષ્ટિને પછીના આચાર્યોએ વિશદ રીતે સમજાવતાં કહ્યું છે કે सर्वदर्शनसंग्रह इति जैनधर्मः—સત્યને જોવાની જુદી જુદી એકાંગી દૃષ્ટિઓના સંગ્રહથી જ જૈનધર્મ સત્યદૃષ્ટિ બને છે. શ્રી સિદ્ધસેન દિવાકરજીએ પણ 'સન્મતિતર્ક'માં भद्दं मिच्छादंसण-समूहमइअस्स अमयसारस्स'—એ ગાથા દ્વારા જિનવચનને મિથ્યા દર્શનોના સમૂહરૂપ જણાવ્યું છે. આનંદઘનજી જેવા મહાયોગીએ પણ 'ષડ્દર્શન જિન અંગ ભણીજે' પદ દ્વારા આ જ વસ્તુનું નિરૂપણ કર્યું છે; જ્યારે શ્રી વિનોબાજી ભાવેએ ભગવાન મહાવીરના આ દૃષ્ટિબિંદુને પોતાની આગવી શૈલીમાં સમજાવતાં કહ્યું છે કે—

"કોઈ પણ એકાંગી વિચાર એ વિચાર જ નથી, અવિચાર છે. કારણ કે વસ્તુમાત્ર અનંતધર્માત્મક હોઈ એના બધા જ પાસાઓને તપાસી જે સર્વાંગીણ વિચાર આપે છે એ જ સાચો વિચાર છે. આ દૃષ્ટિને કારણે તેઓ (ભગવાન મહાવીર) જે કોઈને મળતા તેની ભૂમિકા પર જઈને તેને વિચાર સમજાવતા હતા; પોતાના–નિજના જે વિચાર છે તેનું સામેવાળા પર આક્રમણ નહોતા કરતા. પહેલાં પૂછી લેતા કે તે વ્યક્તિ કઈ રીતની વિચારપદ્ધતિમાં માને છે. જો ગૌતમ ગણધરની જેમ તે વેદોને માનતી હોય તો તેને વેદોનો આધાર આપી સમજાવતા. અગર તે બીજી પદ્ધતિમાં માનતી હોય તો તેને તે પદ્ધતિ પ્રમાણે સમજાવતા, અને પછી કહેતા કે 'તમે જે વિચારો છો તે પણ ખરું હોઈ શકે છે; પણ તેનાથી જુદી વાતો પણ ખરી હોઈ શકે છે. માટે હૃદયનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રાખો.' પણ એમને જે કોઈ એવી વ્યક્તિ મળતી કે જે પહેલેથી કોઈ પણ એક વિચારપદ્ધતિને વરેલી નહોતી તો તેને તેઓ પોતાની રીતે વિચાર સમજાવતા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ અન્યના વિચારોને, એમની ભાવનાઓ કે લાગણીઓને સમજવાની બુદ્ધિથી એમનામાં (ભગવાન મહાવીરમાં) ઉચ્ચ પ્રકારની ન્યાયદૃષ્ટિ પણ વિકસી હતી; જે કારણે સ્ત્રી-પુરુષોમાં ભેદ નહીં કરતાં સ્ત્રીઓને પણ પુરુષોની જેમ જ પોતાનો આત્મવિકાસ સાધવાની પૂર્ણ સ્વતંત્રતા એમણે કરી આપી હતી. અને એ માટે ભગવાન બુદ્ધ જેવા પણ અચકાતા હતા ત્યારે સહેજ પણ થડકારો ખાધા વિના એમણે સ્ત્રીઓને ભિક્ષુણીઓ બનાવી હતી અને ભિક્ષુણીઓનો પણ સંઘ સ્થાપ્યો હતો. એ માનતા હતા કે યોગ્ય પુરુષાર્થ કરવામાં આવે તો સ્ત્રી પણ પૂર્ણ આત્મસાક્ષાત્કાર સાધી શકે છે, અર્થાત્ મુક્તાત્મા બની શકે છે. જગતમાં આજ સુધી કોઈ પણ પંથ કે અનુગમે નારીજાતિને આવો સમાન અધિકાર આપ્યો નથી. આ કારણે ન્યાય અને માનવસમાનતાનું આવું ધોરણ જૈનધર્મનું વિશિષ્ટ ગૌરવ ગણાય છે.

આવી વ્યાપક સત્યસંશોધનની દૃષ્ટિને કારણે વ્યક્તિપૂજા કરતાં ગુણપૂજા તરફ અને એ રીતે સત્યસંશોધન પર એમાં વિશેષ ભાર દેવાયો છે. અને આ કારણે જ જૈનધર્મની પ્રધાન પ્રાર્થનામાં નથી સ્થાન મહાવીરનું કે અન્ય તીર્થંકરોનું, પણ કેવળ ગુણોના પ્રતીક-રૂપ અરિહંત–વીતરાગાદિ સંતોનું જ એમાં મહત્ત્વ ગાવામાં આવ્યું છે. પણ મનુષ્ય-સ્વભાવ ગુણોના પ્રતીકરૂપ સંતોને પણ વ્યક્તિત્વ અર્પી રાગદ્વેષ પોષવા તરફ ઢળી પડે છે એ જોઈ ભગવાને કહ્યું છે કે 'सच्चं खु भयवं'–સત્ય એ જ પરમાત્મા છે. બાકી ગુરુઓના નામે વાડા બાંધી મારા-તારાના ભેદો ઊભા કરશો તો ધ્યેય દૂર રહેશે અને પરિણામે મમત્વના કાદવમાં જ ખૂંપી જશો.

આમ પોતાનું ધ્યેય સત્યસંશોધનનું હોઈ ભગવાને નથી કોઈ પણ વિધિવિધાનોનો આગ્રહ રાખ્યો કે નથી એકાંગી નિષેધ કર્યો; એમણે તો માત્ર એટલું જ કહ્યું છે કે "કાર્ય ઉપસ્થિત થાય ત્યારે કેવળ સત્યનો જ આશ્રય લેવો. પણ પોતાના કે અન્યના આત્માને ધોખો ન દેવો." (નિશીથ, ગાથા ૫૨૪૮)

"સંયમી પુરુષોનું ધ્યેય મોક્ષ છે. એથી એણે પ્રત્યેક કાર્યમાં વિચારવું કે હું મોક્ષથી દૂર જઈ રહ્યો છું કે નિકટ? જ્યારે સિદ્ધાંતમાં એકાંત વિધિ કે એકાંત નિષેધ નથી મળતો ત્યારે વાણિયાની જેમ સાધક આવક-ખર્ચની જેમ તુલના કરીને કેવળ લાભની જ ચિંતા કરે." (નિશીથ, ગાથા ૨૦૬૭).

"ઉત્સર્ગ અને અપવાદ વિસ્તૃત છે, જેથી સંયમની વૃદ્ધિ અને નિર્જરાનું કારણ જોઈને જ કર્તવ્યનો નિશ્ચય કરવો." (નિશીથચૂર્ણી ૬૦૨૩)

આમ ભગવાને ધ્યેય પ્રતિ લક્ષ રાખવાનું કહ્યું છે અને એ માટે જીવનને વિશુદ્ધ કરવાનું કહ્યું છે; પણ એ માટે ચોક્કસ આચારવિધિ કે માન્યતાનો આગ્રહ નથી રાખ્યો. આ કારણે ભગવાન કહે છે કે "હે ગૌતમ! पनरसभेये सिद्धा—જૈનના લિંગે જ મોક્ષ મળે છે, એમ નથી પણ અન્ય લિંગે પણ એ પ્રાપ્ત થઈ શકે છે; ભલે પછી એ પુરુષ હો કે સ્ત્રી; યા એ અમુક અનુગમનો અનુયાયી હોય કે કોઈ અન્ય અનુગમનો. આજની ભાષામાં કહીએ તો ભલે પછી એ વૈષ્ણવ હોય, સમાજિષ્ટ હોય કે મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી. યહુદી કે શીખ પણ હોય; શરત એટલી જ કે એણે પૂર્ણ જીવનશુદ્ધિ પ્રાપ્ત કરી હોવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવું ઉદાર અને નિષ્પક્ષ વલણ એ મહાવીરની મહાવીરતા છે, વિશિષ્ટતા છે; એટલું જ નહીં, મહાવીરની વિચારધારા વિરોધી દેખાતાં કે ભિન્ન ભિન્ન પ્રકારનાં મંતવ્યો ધરાવતા અન્ય સંતોનો ‘અરિહંત’ શબ્દોના ઉદ્બોધનથી આદર પણ કરે છે; જેમ કે—

सातिपुत्तेण बुद्धेण अरहता बुइतं ।
दीपायणेण अरहता इसिणा बुइतं ।
मातंगेण अरहता इसिणा बुइतं ।
जण्णवक्केण अरहता इसिणा बुइतं ।
मंखलिपुत्तेण अरहता इसिणा बुइतं ।

અર્થાત્ શાકયપુત્ર બુદ્ધ અરિહંતે કહ્યું છે. દ્વૈપાયન અરિહંતે કહ્યું છે. માતંગ, યાજ્ઞવલ્કય તથા મંખલિપુત્ર ગોશાલક અરિહંતે કહ્યું છે (‘ઋષિભાષિત’).

આ શબ્દો બતાવે છે કે મહાવીરનો અન્ય દ્રષ્ટાઓ પ્રત્યે કેટલો સમભાવ હશે; તેમ જ એમના અભિપ્રાયોને સમજવાની અને એનો આદર કરવાની કેવી ગુણગ્રાહક દૃષ્ટિ હશે—એ ઋષિભાષિત ગ્રંથમાં જળવાઈ રહેલાં ઉપરનાં વાક્યો પરથી કલ્પી શકાય છે. આમ સત્યસંશોધનની બાબતમાં ઉદાર દૃષ્ટિ અને અનાગ્રહી સ્વભાવને કારણે હમેશાં દિલ અને દિમાગને ખુલ્લું રાખવાનું એમનું વલણ હતું.

આવા વલણને કારણે એ અન્ય મતના ભિક્ષુઓ પ્રત્યે પણ કેવો સમભાવ રાખતા એના કેટલાંક ઉત્તમ ઉદાહરણો શાસ્ત્રોમાં જળવાઈ રહ્યાં છે. આ અંગે ભગવાન ગૌતમને કહે છે કે “હે ગૌતમ! આજ તારો મિત્ર સ્કન્દક સંન્યાસી આવી રહ્યો છે, તો તારે એનું ઉચિત સન્માન કરવું જોઈએ.” અને ગૌતમ એનું રૂડી રીતે સ્વાગત કરે છે. (ભગવતીસૂત્ર, શતક ૨, ઉ. ૨)

ભગવાનનો એક બીજો પરમ ભક્ત અંબડ ભગવાનની સાથે વિહરે છે, ભગવાને કહેલા આચારધર્મનું પાલન કરે છે, પણ એ સંન્યાસી વેશમાં જ રહે છે, છતાં ભગવાન એને સમભાવપૂર્વક પોતાના સંઘમાં સમાવી લે છે.

આમ આજના શાસ્ત્રોમાં વેરણછેરણ બચી રહેલાં ભગવાનનાં ઉદાર અને ઉદાત્ત મંતવ્યો અસલી જૈનધર્મનું સ્વરૂપ સમજવા માટે ઘણાં ઉપયોગી છે; ન્યાય, સમાનતા, સત્યસંશોધનની દૃષ્ટિ ઉપરાંત સત્યના સ્વીકાર માટે દિલ અને દિમાગ ખુલ્લું રાખવાનું વલણ ત્યારે કેવું ઊંચું હશે એનો ખ્યાલ એ આપી જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org